# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]


**પરીપત્ર**

**વિષય :** **આગામી સમયમાં યોજાનાર પી.જી./બી.એડ.સેમ.-૧ તેમજ પી.જી./બી.એડ./એલએલ.બી. સેમ.-3 ની પરીક્ષામાં QPDS (Question Paper Delivery System) પદ્ધતિના અમલ માટે પરીક્ષા કેન્દ્રોને જાણ કરવા બાબત.**

**સંદર્ભ**
1. **એકઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં. ૦૨/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક ૦૨.૧૩ તા.૩૧/૦૮/૨૦૨૪**
2. **બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠક નં. ૦૩/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક ૦૩.૦૯.૧૬ તા.૧૭/૦૯/૨૦૨૪**

ઉપરોક્ત વિષયે આગામી સમયમાં યોજાનાર પી.જી./બી.એડ. સેમ.-૧ તેમજ પી.જી./બી.એડ./એલએલ.બી. સેમ.-3ની પરીક્ષાના પ્રશ્નપત્રો QPDS (Question Paper Delivery System) પદ્ધતિથી પરીક્ષા શરૂ થવાના પ્રિન્ટ કરી શકાય તે સમય મુજબ પરીક્ષા કેન્દ્રોએ તેમના કોલેજના લોગીનમાંથી ડાઉનલોડ કરવાના રહેશે. જે પરીક્ષા કેન્દ્રોનો આ સાથે સામેલ યાદીમાં સમાવેશ થયેલ છે તે પરીક્ષા કેન્દ્રોને નીચે મુજબની સુચનાનો અમલ કરવાનો રહેશે તેમજ પ્રશ્નપત્ર પ્રિન્ટ માટે પ્રતિ પેઈઝ ત્રણ રૂપિયા (સિંગલ અથવા આગળ પાછળના ભાવ) પ્રમાણે પરીક્ષા કેન્દ્રને ચૂકવણુ કરવામાં આવશે.

**પેપર ડાઉનલોડ કરવા સંબંધી સુચનો:**

| | |
|---|---|
| (૧) | અત્રેની યુનિવર્સિટી તરફથી epapers@bknmu.edu.in પરથી આપની કોલેજ(પરીક્ષા કેન્દ્ર)ના ઇ-મેઇલમાં લોગીન કરવા માટેના યુઝર આઇ.ડી. અને પાસવર્ડ મોકલવામાં આવશે. યુઝર આઇ.ડી. અને પાસવર્ડ આપના દ્વારા સાચવીને રાખવાના રહેશે અને જ્યારે પેપર ડાઉનલોડ કરવાનું થાય ત્યારે તેનો ઉપયોગ કરવાનો રહેશે. |
| (૨) | પરીક્ષા શરૂ થવાના એક કલાક પહેલા પેપર ડાઉનલોડ કરી શકાશે. આપના પરીક્ષા કેન્દ્રોમાં જે-તે તારીખે જે વિષયની પરીક્ષા હોય તે વિષયનું પેપર પસંદ કરી સ્ક્રીનની ડાબી બાજુ પેપર ડાઉનલોડ બટન હશે તેના પર ક્લિક કરી પેપર ડાઉનલોડ કરવાનું રહેશે. |
| (3) | ડાઉનલોડ કર્યા બાદ પ્રશ્નપત્રની PDF પાસવર્ડ પ્રોટેક હશે જેનો OTP આપની કોલેજ(પરીક્ષા કેન્દ્ર)ના ઇ-મેઇલમાં જ આવશે. જે OTP નાખ્યા બાદ પ્રશ્નપત્ર ખુલશે અને વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને લઇ જરૂરીયાત મુજબ પ્રિન્ટ/ઝેરોક્ષ કોલેજના સ્ટ્રોંગરૂમ ખાતે જ કરવાની રહેશે. |
| (૪) | **જે પ્રશ્નપત્રમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હશે તે પ્રશ્નપત્ર પ્રિન્ટ કરવા માટે વધુ સમય ફાળવવામાં આવશે.** |
| (૫) | **જે પ્રશ્નપત્રમાં કુલ પેજની સંખ્યા ૨ થી વધુ હશે, તેવા પ્રશ્નપત્ર અત્રેની યુનિવર્સિટી ખાતેથી પ્રિન્ટ કરી મોકલવામાં આવશે જેની ખાસ નોંધ લેશો. (અર્થાત : ૧ અથવા ૨ પેજના પ્રશ્નપત્ર કોલેજ ખાતે પ્રિન્ટ કરવાના રહેશે.** |


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || : exam@bknmu.edu.in

## કોલેજને ધ્યાનમાં લેવાની બાબતો:

| | |
|---|---|
| (૧) | પરીક્ષા કેન્દ્રોએ પેપરના પ્રિન્ટીંગ માટે CCTV કેમેરા ધરાવતો એક સ્ટોંગરૂમ રાખવાનો રહેશે. પરીક્ષાને લગતી પ્રિન્ટીંગની તમામ કામગીરી સ્ટોંગરૂમમાં જ કરવાની રહેશે. |
| (૨) | પરીક્ષા કેન્દ્રોએ પરીક્ષાર્થીની સંખ્યા મુજબના QPDS પ્રશ્નપત્રો ડોટ મેટ્રિક પ્રિન્ટર સીવાયના સારી સ્પીડ ધરાવતા પ્રિન્ટરનો ઉપયોગ કરીને સમયસર પ્રિન્ટ કરીને જરૂરીયાત મુજબ સેટ બનાવીને પરીક્ષાર્થીઓને નિર્ધારીત સમયે આપવાના રહેશે. |
| (૩) | QPDS મારફત ડાઉનલોડ કરવામાં આવેલ પ્રશ્નપત્ર પાસવર્ડ દ્વારા ખોલવાથી લઇ પ્રિન્ટ સુધીની તમામ કાર્યવાહીનું રેકોર્ડીંગ કરવાનું રહેશે તેમજ તેને CD સ્વરૂપે સાચવીને રાખવાનું રહેશે. જો યુનિવર્સિટી દ્વારા CCTV કેમેરાનું રેકોર્ડીંગ મંગાવવામાં આવે તો યુનિવર્સિટી ખાતે રજુ રાખવાનું રહેશે. |
| (૪) | QPDS પ્રશ્નપત્ર પ્રિન્ટઆઉટથી પરીક્ષાર્થીઓને પ્રશ્નપત્ર આપવા સુધીના સમયગાળામાં પરીક્ષા કેન્દ્રના આચાર્યશ્રીઓ અથવા અધિકૃત વ્યક્તિઓએ QPDS પ્રશ્નપત્ર તેમજ ઇ-મેઇલ મારફત મોકલવામાં આવેલ OTP ની ગોપનીયતા અચુકપણે જાળવવાની રહેશે. |
| (૫) | જો કોલેજ દ્વારા પાસવર્ડ ભુલાય/મળેલ ના હોય તેવા સંજોગોમા વેબસાઇટ લિંક પર Forget Password પર ક્લિક કરી જરૂરી વિગતો ભરી પાસવર્ડ મેળવવાનો રહેશે. |
| (૬) | પ્રિન્ટર, ઇન્ટરનેટ, વીજળી.... વગેરેમાં વિક્ષેપ ના આવે તેની ખાસ તકેદારી રાખવાની રહેશે તેમજ તેના વિકલ્પે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા જેવી કે, વધારાનું પ્રિન્ટર, બેટરી બેકઅપનું આયોજન અચુકપણે અગાઉથી જ કરવાનું રહેશે તેમજ જરૂરી કાગળ/સ્ટેશનરીનો સ્ટોક પરીક્ષા કેન્દ્ર ખાતે હાજર રાખવાનો રહેશે. |
| (૭) | આગામી સમયમાં યોજાનાર નીચે મુજબની સેમ.-૧ અને સેમ.-૩ની પરીક્ષાઓમાં QPDS પદ્ધતિનો અમલ કરવામાં આવે છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | M.A. (ALL COURSE) | 6. | M.COM. | 11. | LL.M. (BOTH COURSE) |
| 2. | M.A. (HOME SCIENCE) | 7. | M.R.S. | 12. | B.ED. |
| 3. | M.SC. (ALL COURSE) | 8. | M.S.W. | 13. | M.ED. |
| 4. | M.SC. (HOME SCIENCE) | 9. | P.G.D.C.A. | | |
| 5. | M.SC. (I.T. & C.A.) | 10. | LL.B. | | |

## પરીક્ષા કેન્દ્રોની યાદી :

| | | | |
|---|---|---|---|
| 1. | ALL DEPARTMENT, BKNMU, JUNAGADH | 13. | MAHILA ARTS & COMMERCE COLLEGE, VERAVAL |
| 2. | J.J.C. EDU. TRUST SANCHALIT COMM. COLLEGE, JUNAGADH | 14. | CHOKSI ARTS & COMMERCE COLLEGE, VERAVAL |
| 3. | J.J.C. EDUCATION TRUST SANCHALIT LAW COLLEGE, JUNAGADH | 15. | GOVERNMENT SCIENCE COLLEGE, VERAVAL |
| 4. | DR. SUBHASH MAHILA ARTS, COMM. & HOME SCI. COLLEGE, JUNAGADH | 16. | SHRI J. S. PARMAR ARTS & COM. COLLEGE, KODINAR |
| 5. | BAHAUDDIN ARTS COLLEGE, JUNAGADH | 17. | SHRI H.M.V. ARTS & COMM. COLLEGE, UNA |
| 6. | BAHAUDDIN SCIENCE COLLEGE, JUNAGADH | 18. | UNA TALUKA KELAVANI MANDAL SANCHALIT, MAHILA ARTS COLLEGE, UNA |

| | | | |
|---|---|---|---|
| 7. | MATASHREE JAMANABA SHAMJIBHAI GODHANI MAHILA ARTS & COMM COLLEGE, JND | 19. | DR. V.R. GODHANIYA MAHILA ARTS, COMM. HOME SCI. & I.T. COLLEGE, PORBANDAR |
| 8. | ARTS, COMM. & COMPUTER SCI. COLLEGE, MANAVADAR | 20. | SHRI D.D. KOTIYAVALA MUNICIPAL LAW COLLEGE, PORBANDAR |
| 9. | N. P. ARTS & COMM. COLLEGE, KESHOD | 21. | GURUKUL MAHILA ARTS & COMMERCE COLLEGE, PORBANDAR |
| 10. | U.K.V. MAHILA ARTS & HOME SCI. COLLEGE, KESHOD | 22. | SHREE SARDAPEETH ARTS, COM. & COLLEGE OF EDUCATION, DWARKA |
| 11. | KU. A. B. GARDI GRAM MAHAVIDHYALAY, SHARDAGRAM | 23. | GOVERNMENT ARTS AND COMMERCE COLLEGE, KHAMBHALIYA |
| 12. | GOVERNMENT ARTS & COMMERCE COLLEGE, TALALA | | |

ડૉ. ડી. એમ. સુખડીયા
**પરીક્ષા નિયામક**

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૧૭૧૯/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જૂનાગઢ -૩૬૨૨૬૩
તા.૧૭/૧૦/૨૦૨૪

પ્રતિ,
યુનિવર્સિટી સ્થિત ભવનના વડાશ્રીઓ, સંલગ્ન સરકારી તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ....

નકલ રવાના :-
(૧) માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) સીસ્ટમ મેનેજરશ્રી, આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા તેમજ યોગ્ય વ્યવસ્થા ગોઠવવા અર્થે)